Seat No. : _______________

# DE-108

**December-2013**

**M.A. (Sem.-III)**

**505 : Gujarati**

**(EA : ગુજરાતી સાહિત્યની પરંપરાઓ – જૈન સાહિત્ય)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. જૈન સાહિત્યના હેતુઓ સમજાવી જૈન કવિઓ વિશે પરિચયાત્મક નોંધ તૈયાર કરો. **14**

**અથવા**

જૈન સાહિત્યની વિશેષતાઓ વિશે નોંધ તૈયાર કરો.

2. જૈન અને જૈનેતર સાહિત્ય વચ્ચેના સામ્ય-વૈષમ્ય વિશે વિસ્તૃત ચર્ચા કરો. **14**

**અથવા**

'ફાગુ' અને 'રાસ' સ્વરૂપની પ્રમુખ લાક્ષણિકતાઓ વિશે વિસ્તૃત નોંધ તૈયાર કરો.

3. જયવંત સૂરિની રચનાઓને આધારે તેમની સર્જક વિશેષતાઓ વિશે નોંધ તૈયાર કરો. **14**

**અથવા**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સ્થૂલિભદ્ર અને કોશા વિષયક રચનાઓની યાદી તૈયાર કરી તદ્‌વિષયક પરિચયાત્મક નોંધ તૈયાર કરો.

4. 'આરામશોભારાસ' કૃતિનો આસ્વાદલક્ષી પરિચય કરાવો. **14**

**અથવા**

'આરામશોભારાસ'માં સર્જકની પાત્રનિરૂપણ કળાની સિદ્ધિ-મર્યાદાઓ વિશે નોંધ તૈયાર કરો.

5. નીચેના પ્રશ્નના ટૂંકમાં જવાબ લખો : (કોઈપણ **14**) **14**

(1) 'ભરતેશ્વરબાહુબલિરાસ' પૂર્વે કઈ કૃતિ રચાઈ હોવાના પ્રમાણો મળે છે ?

(2) ધર્મ-અધ્યાત્મચિંતન માટેની કૃતિઓ કયા નામથી ઓળખાવાઈ છે ?

(3) 'આરામશોભારાસ'ની સર્વગાથા સંખ્યા જણાવો.

(4) સ્થૂલિભદ્ર-કોશા વિષયક રચનાઓ કયા-કયા સ્વરૂપમાં રચાઈ છે ?

(5) 'સ્થૂલિભદ્ર ફાગુ'ના રચયિતાનું નામ જણાવો.

(6) સ્થૂલિભદ્ર-કોશા વિષયક કૃતિઓનો કેન્દ્રસ્થ વિષય કયો ?

(7) જયવંતસૂરિની કોઈપણ બે કૃતિઓના નામ આપો.

(8) જૈન સાહિત્યના કોઈપણ ત્રણ સ્વરૂપોના નામ જણાવો.

(9) નંદન આરામશોભા સાથે પૂર્વભવમાં કયો સંબંધ ધરાવે છે ?

(10) વર્ણમાળાનો પ્રત્યેક અક્ષર લઈને રચાતા મધ્યકાલીન પદ્યપ્રકારનું નામ જણાવો.

(11) જૈન-જૈનેતર કવિઓએ કરેલી લગ્નવિધિવિષયક ગેય રચનાઓ કયા નામે ઓળખાય છે ?

(12) 'શૃંગારમંજરી'માં આવતા બીજા સ્ત્રીપાત્રનું નામ જણાવો.

(13) 'આરામશોભારાસ'ના શેઠ પાત્રનું નામ જણાવો.

(14) 'આરામશોભારાસ'ની રચના સાલ જણાવો.

(15) શૃંગારમંજરીનો ત્યાગ એના પતિએ કેમ કર્યો હતો ?

(16) સ્તબક શબ્દ કયા સ્વરૂપ માટે વપરાયો છે ?

Seat No. : _______________

# DE-108

**December-2013**

## M.A. (Sem.-III)

## 505 : Gujarati

**(EB : ગુજરાતી સાહિત્યની પરંપરાઓ – લોકસાહિત્ય)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. લોકવિદ્યાવિજ્ઞાન શબ્દનો પરિચય કરાવી તેની વિભાવનાની ચર્ચા નિદર્શનો સાથે કરો. **14**

**અથવા**

લોકસાહિત્યના લક્ષણો વિશે સવિસ્તર નોંધ તૈયાર કરો.

2. લોકસાહિત્ય અને અભિજાત સાહિત્ય વચ્ચેનો ભેદ સમજાવો. **14**

**અથવા**

લોકસાહિત્યના સંશોધકની સજ્જતા વિશે વિગતે નોંધ તૈયાર કરો.

3. લોકગીતની વિવિધ વ્યાખ્યાઓમાંથી કોઈપણ એક વ્યાખ્યા જણાવી તેને આધારે લોકગીતનું સ્વરૂપ સમજાવો. **14**

**અથવા**

લોકગીતમાં કલાની અભિવ્યક્તિ વિશે વિગતે નોંધ લખો.

4. લોકસાહિત્યના સંશોધન અને સંપાદનની સમસ્યાઓ સમજાવો. **14**

**અથવા**

લોકગીતના સંશોધન સંપાદનની વિવિધ પદ્ધતિઓ સદૃષ્ટાંત જણાવો.

5. નીચેના વિકલ્પોમાંથી સાચા વિકલ્પ જણાવો : **14**

(1) 'ફોક્લોર' શબ્દ કયા અંગ્રેજ વિદ્વાને સૌ પ્રથમવાર પ્રયોજ્યો હતો ?
(a) વિલિયમ ટોમસ (b) જેકબ ગ્રિમ
(c) વિલ્હેમ ગ્રિમ (d) આર્ચર ટેટલર

(2) કંઠસ્થ લોકવિદ્યાના ગેયરૂપોમાં નીચેના કયા સ્વરૂપનો સમાસ થતો નથી ?
(a) લોકગીત (b) મંત્રો
(c) ઉખાણાં (d) ટૂચકા

(3) ઈ.સ. 1856માં લંડનથી પ્રકાશિત કરાયેલ 'રાસમાળા' કઈ ભાષામાં પ્રકાશિત કરાયું હતું ?
(a) ગુજરાતી (b) હિન્દી
(c) અંગ્રેજી (d) બંગાળી

(4) મગનલાલ વખતચંદકૃત 'કથનાવળી'માં કેવા પ્રકારની સામગ્રી છે ?
(a) લોકગીત (b) કહેવતો
(c) લોકનાટ્ય (d) ઉખાણાં

(5) 'નાગર સ્ત્રીઓમાં ગવાતા ગીત'ના સંપાદક કોણ છે ?

(a) દલપતરામ (b) નવલરામ

(c) નર્મદ (d) રણજિતરામ

(6) 'ગુજરાતના લોકગીતો'ના સંપાદકનું નામ જણાવો.

(a) ઝવેરચંદ મેઘાણી (b) ઈશ્વર પેટલીકર

(c) ખોડીદાસ પરમાર (d) પુષ્કર ચંદરવાકર

(7) 'તમે રે ચંપો ને અને કેળ' રચનાના કર્તા

(a) રા.વિ. પાઠક (b) ઝવેરચંદ મેઘાણી

(c) અજ્ઞાત (d) લોકગીત

(8) 'ભીલોનું ભારથ'ના સંપાદકનું નામ શું ?

(a) જયમલ્લ પરમાર (b) જયાનંદ જોશી

(c) શંકરભાઈ તડવી (d) ભગવાનદાસ પટેલ

(9) 'સૌરાષ્ટ્રની રસધાર'ના સંપાદકનું નામ શું ?

(a) ઝવેરચંદ મેઘાણી (b) ખોડીદાસ પરમાર

(c) શાંતિભાઈ આચાર્ય (d) કનુભાઈ જાની

(10) નીચેનામાંથી કયુ લક્ષણ લોકકથાનું નથી ?

(a) અજ્ઞાત કર્તૃત્વ (b) બહુવિધ પાઠાન્તર

(c) પ્રાદેશિકતાની અસર (d) રચનારના વ્યક્તિત્વની છાપ

(11) 'લોક સાહિત્ય સંપાદન અને સંશોધન'ના લેખકનું નામ

(a) હરિવલ્લભ ભાયાણી (b) હસુયાજ્ઞિક

(c) જયંત કોઠારી (d) કનુભાઈ જાની

(12) લોકસાહિત્યના વર્ગીકરણમાં નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ ન થઈ શકે ?

(a) ભવાઈ (b) લોકગીત

(c) ગરબા (d) લોકસંગીત

(13) 'રઢિયાળી રાત' ભાગ:1ના સંપાદક કોણ ?

(a) જયમલ્લ પરમાર (b) શાંતિભાઈ આચાર્ય

(c) ઝવેરચંદ મેઘાણી (d) દુલા ભાયા કાગ

(14) ગુજરાતી તથા કાઠિયાવાડી દેશની વારતા'ના સંપાદક કોણ છે ?

(a) સોરાબજી હોરમસજી ચીકન (b) ફરામજી પટેલ

(c) જહાંગીર મરઝબાન (d) રુસ્તમ ખુરશેદ ઈરાની

---